# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૩૦ તા.૨૦-૧૨-૧૬**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- ગુણોત્સવ-૦૭નું અનુકાર્ય બાબત.**

**સંદર્ભ :- ક્રમાંકઃ પ્રાશિનિ/ચ-૧/ગુણોત્સવ-૭ અનુકાર્ય/૨૦૧૬/૯૮૫૬-૯૯૧૧.ગાંધીનગર તા.૧૯-૧૨-૬**

આથી મ્યુનિ. શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવામાં આવે છે કે ગુણોત્સવ ૧ થી ૬માં શાળાઓનાં ગ્રેડના આધારે ગુજરાત સરકાર દ્વારા પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સઘન વિચારણાના અંતે ગુણોત્સવ-૭નું અનુકાર્ય નિર્ધારીત કરવામાં આવેલ છે. ગુણોત્સવ-૬માં સૌના સનિષ્ઠ પ્રયત્ન છતાં **સી** અને **ડી** ગ્રેડની શાળાઓ બાકી રહી ગયેલ છે. શાળાના તમામ શિક્ષકો, મુખ્ય શિક્ષક,સી.આર.સી., યુ.આર.સી., સુપરવાઈઝર્સ તેમજ મદદનીશ શાસનાધિકારીશ્રીઓએ નોંધ લઈ ગુણોત્સવ-૭ માટેની જરૂરી સઘન કામગીરી જવાબદારીપૂર્વક કરવાની થાય છે, તેની નોંધ લેશો. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીનો તા.૧૯-૧૨-૧૬નો પત્ર આ સાથે સામેલ છે. તમામની સહી લઈ નોંધ લેવડાવશો.

તા.૨૦-૧૨-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંક:પ્રાશિનિ/ચ-૧/ગુણોત્સવ-૭-અનુકાર્ય/૨૦૧૬/૯૮૫૬-૯૯૧૧
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ડો.જી.મ.ભ. બ્લોક નં. ૧૨/૧,
ગુ.રા.ગાંધીનગર, તા.૧૯/૧૨/૨૦૧૬

પ્રતિ,
-જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ
-શાસનાધિકારીશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ

**વિષય:** ગુણોત્સવ-૭ નું અનુકાર્ય કરવા બાબત.
**સંદર્ભ:-** આ કચેરીની સિંગલ ફાઇલ નં.૪ તા.૧૨/૯/૨૦૧૬ પર સરકારશ્રીની તા.30/૧૧/૨૦૧૬ થી નોંધ પર આપેલ મંજુરી.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે,ગુજરાત સરકાર દ્વારા પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે વર્ષ-૨૦૦૯થી ગુણોત્સવ હાથ ધરવામાં આવેલ છે.જેમાં પ્રાથમિક શાળાની ગુણવત્તા ચકાસણી માટે સ્વમૂલ્યાંકન અને બાહયમૂલ્યાંકન કરવામાં આવેલ છે. રાજયના તમામ પ્રાથમિક શિક્ષકો અને સુપરવાઇઝરી સ્ટાફના પ્રયત્નથી ગુણોત્સવ-૧માં **A+ અને A** ગ્રેડમાં અનુક્રમે **૫ અને ૨૬૫** શાળાઓ હતી તથા **સી અને ડી** ગ્રેડમાં અનુક્રમે **૧૨૮૮૭ અને ૧૪૫૮૨** શાળાઓ હતી.

જે ગુણોત્સવ-૬માં વધીને **A+** માં **૧૯૬૦** શાળાઓ અને **A** ગ્રેડમાં **૧૬૯૦૮** શાળાઓ આવેલ છે. જે માટે કામ કરનાર સૌને અભિનંદન. તેમ છતા, હજુ પણ શૈક્ષણિક ગુણવત્તા સંદર્ભે ઘણું કામ કરવાનું બાકી છે કારણ કે **ગુણોત્સવ-૬** માં હજુ પણ આપણા સૌના સંનિષ્ઠ પ્રયત્ન છતાં **સી અને ડી—ગ્રેડ**માં અનુક્રમે **૨૦૦૨ અને ૭૬૪** શાળાઓ બાકી રહી ગયેલ છે. રાજય સરકાર ઇચ્છે છે કે,તમામ શાળાઓ શૈક્ષણિક ગુણવત્તામાં આગળ આવે. સમાજની પણ પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે સરકારી શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તા હજુ વધુ સુધરે તેવી અપેક્ષા છે. સમાજની અપેક્ષા પુરી કરવી તે સરકારની ફરજ છે. શાળામાં વિદ્યાર્થીની શૈક્ષણિક ગુણવત્તા માત્ર શિક્ષક અને શાળાના ભાવાવરણથી જ સુધરી શકે. સુપરવાઇઝરી સ્ટાફની પણ નૈતિક જવાબદારી છે કે શિક્ષકોને યોગ્ય માર્ગદર્શન આપી શૈક્ષણિક ગુણવત્તા વધારવામાં પ્રોત્સાહન અને સહકાર આપવો. આ માટે રાજય સરકાર દ્વારા શૈક્ષણિક ગુણવત્તા સંદર્ભે સંબંધિતોની જવાબદારી નકકી કરવાની બાબત વિચારણા હેઠળ હતી અને તેનો અમલ ગુણોત્સવ-૭ના અનુકાર્યથી કરવાનું નકકી કરેલ છે. જેમાં નીચે મુજબની જોગવાઇઓનો સમાવેશ કરવામાં આવેલ છે. જેની જાણ આપના તાબાના તમામ શિક્ષકો, બી.આર.સી., સી.આર.સી., કેળવણી નિરીક્ષક, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ને કરશો અને શૈક્ષણિક ગુણવત્તાના સુધારણાના આ મહાયજ્ઞમાં વધુ ખંતથી કામે લાગી જાય તે મુજબ કામગીરી કરવા ધ્યાન દોરવા જણાવવામાં આવે છે.

જોગવાઇઓઃ-

(૧) ગુણોત્સવમાં પ્રાપ્ત ડેટાના આધારે સઘન ઉપચારાત્મક શિક્ષણનું આયોજન કરવું.

(૨) પરિણામના આધારે દરેક કલસ્ટરમાં શાળા,ધોરણ અને વિદ્યાર્થી દીઠ જે ડેટાપ્રાપ્ત થયો છે તેની સમજ કલસ્ટરનાં પ્રત્યેક શિક્ષકને આપવી.

(૩) શાળાઓ તેમજ તમામ શિક્ષકોના ગ્રેડની વિગતો વેબસાઇટ પર જાહેર કરવામાં આવશે.

(૪) સતત બે વર્ષ સી અને ડી ગ્રેડ ધરાવતા શિક્ષકોની સેવાપોથી તેમજ આનગી અહેવાલમાં નોંધ કરવાની રહેશે.

(૫) સતત બે વર્ષ શૈક્ષણિક ગ્રેડ સી અને ડી વાળી શાળાના મુખ્ય શિક્ષકની સેવાપોથી તેમજ ખાનગી અહેવાલમાં નોંધ કરવાની રહેશે.

(૬) સતત બે વર્ષ જે **TPEO/ADEI** ની ૫૦ ટકાથી વધુ શાળાઓ શૈક્ષણિક ગ્રેડ સી અને ડીમાં આવે તેઓની સેવાપોથી અને ખાનગી અહેવાલમાં નોંધ કરવાની રહેશે તથા તેઓના નામ વેબસાઇટ પર જાહેર કરવામાં આવશે.

(એમ.આઇ.જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

સવિનય નકલ રવાનાઃ-

(૧) અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર

(૨) અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર

(૩) અંગત સચિવશ્રી, માન.અગ્ર સચિવશ્રી શિક્ષણનું કાર્યાલય,બ્લોક નં.૫/૭ માળ,સચિવાલય, ગાંધીનગર